## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મુર્ખ... મારા સુપડા જેવા કાન છે... તેવા ભજન તું ગાય છે... અને તું મારા માટે આવડા મોટા સ્પિકર વગાડે છે... જાણે મને સંભળાતું ન હોય...?? બંધ કર...

# રાયસણ ગુડાના આવાસમાં એક ડઝન બાઈકની પેટ્રોલ પાઈપ કપાઈ

ગાંધીનગર, તા.૨૮

આજે રાયસણ ગામે આવેલા ગુડાના મકાનોમાં રહેતા વસાહતીઓના બાઈકની પેટ્રોલ પાઈપ કોઈ અજાણ્યા ઈસમે કાંપી નાંખતા તમામ બાઈકમાંથી પેટ્રોલ ઢોળાઈ જવા પામ્યું હતું. એક સાથે ડઝન જેટલા બાઈકની પેટ્રોલ પાઈક કપાઈ જતા સમગ્ર ગુડાના વસાહતીઓમાં હોહા મચી જવા પામી હતી. પેટ્રોલની દુર્ગંધ બપોરના સમયે આવતા આ બનાવ બન્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. આ અંગે વસાહતીઓએ ગુડા દ્વારા ગોઠવેલા સિક્યુરીટીના કર્મચારીઓને તેઓએ ખંધા હાસ્ય સાથે આ અમારામાં નથી આવતું. માત્ર ગેટ પર બેસવાનું જ આવે છે અને ઢોર અંદર આવે નહી તેનું ધ્યાન રાખવાનું.. તેમ કહેતા વસાહતીઓ પણ અચંબામાં પડી ગયા હતા. આજે ગુડાના મકાનમાં પેટ્રોલનો પ્રશ્ન સર્જાયો છે કાલે ચોરીનો પ્રશ્ન સર્જાય તો ખાનગી સિક્યુરીટીના કર્મચારીઓનો આ પ્રકારનો જવાબ સાંભળતા સિક્યુરીટી માત્ર શોભાના ગાંઠીયા સમાન હોય તેવું લાગી રહ્યું છે.

સરકાર દ્વારા મધ્યમ પરિવારોને ઘરનું સપનું સાકાર થાય તે માટે વિવિધ યોજનાઓ મુકવામાં આવે છે. ગાંધીનગરમાં પણ રાયસણ ગામે મધ્યમ પરિવારના નાગરીકો માટે ગુડા દ્વારા મકાનો તૈયાર કરાયા છે. ત્યારે મકાનોમાં તેમજ આંતરીક વહીવટી બાબતે હજુ પણ વસાહતીઓ પરેશાન થાય છે. નાગરીકોની સમસ્યાઓનો હલ મળતો નથી. તંત્ર દ્વારા મુકવામાં આવેલ કર્મચારીઓ શોભ્માના ગાંઠીયા સમાન સાબિત થાય છે. ત્યારે આજે બપોરના સુમારે પ્લોટ નં-૩૫૨ના એફ અને જી બ્લોકની વચ્ચે આવેલા ટુ-વ્હીલર પાર્કીંગમાં ઉભા કરાયેલા વાહનોની પેટ્રોલ પાઈપ કાંપી નાંખી હતી. આ બનાવ બપોરે બનવા પામ્યો હતો. એક ડઝનથી વધુ વાહનોની આ સ્થિતિ હતી. વસાહતીઓમાં હોહા મચી ગઈ હતી તેમ છતા સિક્યુરીટીના પેટનું પાણી હલતું નહોતું. જાણે કંઈ બન્યુ જ ન હોય તેમ વર્તન કરતા હતા. જેથી વસાહતીઓમાં તંત્ર અને સિક્યુરીટીઓ પ્રત્યે રોષ ફેલાયો છે. ત્યારે મેઈન્ટેનન્સ ભર્યા બાદ પણ ગુડાના મકાનો અને વસાહતીઓની સલામતી કોના શીરે તે પ્રશ્ન દરેક વસાહતીને સતાવે છે. ત્યારે ગુડા દ્વારા આગામી સમયમાં વસાહતીઓને સ્પર્શતી વિવિધ સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું...?

## જિલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી તરીકે લીરલબા વાઘેલાની નિમણુંક

ગાંધીનગર, તા.૨૭

આગામી વિધાનસભાની ચુંટણીનો પગલે કોંગ્રેસ પક્ષમાં પણ ચહલ પહલ વધી જવા પામી છે. નવસર્જન ગુજરાતના શીર્ષક હેઠળ પક્ષ દ્વારા કાર્યકરોને ચુંટણીની કામગીરીમાં જોતરાઈ જવાની સુચનાઓ આપી દેવામાં આવી છે. રાજયસભાની ચુંટણીબાદ કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકાયા છે. ત્યારે પ્રદેશ કક્ષાએથી તમામ માળખામાં નિમણુંકો કરવામાં આવી છે. પ્રદેશ કક્ષાએથી વિવિધ મોરચા તેમજ સેલના બાકી રહી ગયેલા હોદેદારોની નિમણુંક તાજેતરમાં કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર શહેર- જિલ્લા યુથ કોંગ્રેસના હોદેદારોની નિમણુંક કરવામાં આવી છે. ગાંધીનગર શહેરના રહેવાસી અને કોંગ્રેસના કર્મઠ મહિલા કાર્યકર લીરલબા વાઘેલાની જિલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે.







### ચિલોડા હાઈવે પર સાંજે ભયંકર ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પર ઓવરબ્રિજના કામને મંજુરી મળી ગયા બાદ કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે. જેને પગલે ડાયવર્ઝન આપવામાં આવ્યું હોવાથી ટ્રાફીક ધીમો જઈ રહ્યો છે. આજે સાંજે ચિલોડા હાઈવે પર ભયંકર ટ્રાફીક જામની સમસ્યા સર્જાતા વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. બબ્બે કિલોમીટર સુધી ટ્રાફીક જામ જોવા મળ્યો હતો.

## સિવિલ હોસ્પિટલના સ્પેશીયલ રૂમમાં ગટરના ગંદા પાણી ફરી વળ્યા

ગાંધીનગર,તા.૨૮

પાટનગરની હોસ્પિટલમાં મેડીકલ કોલેજ બન્યા બાદ તંત્ર સાવ બગડી ગયું હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલમાં છાશવારે સમસ્યાઓ ઉદભવે છે એક સમસ્યાનું નિરાકરણ આવતું નથી ત્યાં બીજી સમસ્યા ઉભી થઈ જાય છે. ત્યારે હોસ્પિટલમાં નવી ઈમારતમાં ગટરના ગંદા પાણીની ફરિયાદો અનેકવાર ઉઠવા પામી છે.તેમ છતા યોગ્ય નિરાકરણ ન આવતા ગઈકાલે રાત્રે ગ્રાઉન્ડ ફલોર પર આવેલા સ્પેશીયલ રૂમોના વોર્ડમાં ગટરના ગંદા પાણી ફરી વળતા આખી રાત હાઉસકીંપીગના કર્મચારીઓએ પાણી ઉલેચ્યું હતું.

રાજયના પાટનગરની હોસ્પિટલ કરોડોના ખર્ચે અતિ આધુનિક તૈયાર કરાઈ છે. તેમ છતા આઠમાળની ઈમારતમાં આવેલ લીફ્ટ તેમજ સ્પેશીયલ વોર્ડમાં આવેલ રૂમમાં ગટરના ગંદા પાણી આવતા હોવાની બુમ સમયાંતરે ઉઠવા પામે છે. પીઆઈયુ વિભાગની કામગીરી સામે પણ રોષ ફેલાયો છે. ત્યારે પીઆઈયુ વિભાગ પણ ગટરના ગંદા પાણી કયાંથી આવે છે તે શોધવામાં સદંતર નિષ્ફળ નિવડ્યું છે. હોસ્પિટલના ગ્રાઉન્ડ ફલોર પર આવેલ સ્પેશીયલ વોર્ડમાં કેટલાક રૂમ ગટરના પાણી આવતા હોવાથી બંધ છે તેમ છતા તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના પગલા પીઆઈયુના તંત્ર પર લેવામાં આવતા નથી. ત્યારે ગતરોજ રાત્રીના સમયે સ્પેશીયલ રુમોમાં અચાનક ગટરોના ગંદા પાણી ધસી આવતા દર્દીઓ તેમજ સ્ટાફ કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ગટરના પાણી રૂમમાંથી વોર્ડમાં આવી જતા તાત્કાલીક સફાઈ કર્મચારીઓને બોલાવી વોર્ડની સફાઈ માટે ગોઠવી દીધા હતા. સફાઈ કર્મચારીઓ પણ જેમ જેમ સાફ કરતા જાય તેમ તેમ ગંદુ પાણી આવતું જતું હતું. ગટરના લીકેજીસને પગલે આ પરિસ્થિતિ સર્જાઈ હતી. સ્પેશીયલ વોર્ડના કેટલાક રૂમમાં ગટરની લાઈન હોવાથી તેમાં ભંગાણ થતા દર્દીઓ તેમજ સ્ટાફ સહિતના કર્મચારીઓએ ઉજાગરો કરવો પડ્યો હતો. વગર વરસાદે પાણી આવતા અન્ય મુલાકાતીઓમાં પણ ચર્ચાનો મુદ્દો બન્યો હતો. પીઆઈયુ તંત્રને વારંવાર કહેવા છતા યોગ્ય નિરાકરણ હજુ સુધી આવ્યું નથી. ત્યારે ગટરના ગંદા પાણી હવે આગામી સમયમાં કયાં ફરી વળશે તે જોવું રહ્યું..!

## ગાંધીનગર ખાતે કિસાન સંઘ દ્વારા બલરામ જયંતિ કિસાન દિવસ ઉજવાયો

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા પ્રતિ વર્ષ ભાદરવા સુદ છઠ્ઠના દિવસે સમગ્ર દેશભરમાં કિસાનોના આરાધ્ય દેવ - ઈસ્ટ દેવતા ભગવાન બલરામજીનો જન્મ દિવસ બલરામ જયંતિ કિસાન દિવસ તરીકે મનાવાય છે. આ દિવસે સંઘની તમામ નાની મોટી સમિતિઓ દ્વારા એકત્ર થઈ બલરામજીનું પૂજન - અર્ચન - જીવન ચરીત્ર અને પ્રસાદ - આરતી વિગેરે કાર્યક્રમો યોજાય છે. તે જ પરંપરામાં આજે સમગ્ર ગુજરાતભરમાં અનેક સ્થાનો પર કાર્યક્રમો યોજાયા હતા અને પ્રદેશ કાર્યાલય ગાંધીનગર ખાતે પણ જિલ્લાના ચારેય તાલુકામાંથી ૭૦ જેટલા બાઈકો સાથે કાર્યકર્તાઓ એકત્ર થઈને નગરના ઘ-રોડ પર રેલી સ્વરૂપે નીકળી પંચદેવ મંદિર પહોંચ્યા જ્યાં રેલીનું સ્વાગત - પૂજન બાદ રેલી પરત બલરામ મંદિર આવી હતી.





ભાજપ ગાંધીનગર દ્વારા ચ-૩ સર્કલ સેવા કેન્દ્ર આગળ મન કી બાત કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાનિયા, પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ, મહામંત્રી રૂચિરભાઈ, પંકજજી, ધારાસભ્ય અશોક પટેલ, ગુડા ચેરમેન આશીષભાઈ, ઉપપ્રમુખ ઉરેન પટેલ અને સૌ કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતા અને દરેક વોર્ડમાં પણ આ કાર્યક્રમ કરવામાં આવેલ.



### ઉનાવા પદયાત્રી સંઘની ધજા અને રથની વાવોલ ખાતે નગરયાત્રા

વાવોલમાં આજે સવારે ઉનાવાના સુપ્રસિદ્ધ અંબાજી પદયાત્રી સંઘની ધજા અને રથના પૂજન તથા નગરયાત્રાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પહેલો પાટલો વાવોલના રોહિતકુમાર ચીમનભાઈ પટેલ તરફથી હતો જેના માનમાં તેમણે આયોજિત કરેલ સત્કાર સમારંભમાં પદયાત્રી સંઘ અને ગ્રામજનો તથા આમંત્રિતો મળીને આશરે ૨ હજારથી વધુ ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો.

## અઠ્ઠઈ તપ આરાધના



છાયા હરેશકુમાર પંચાલ



જૈનન પરેશકુમાર શાહ



જીલ આર. ભાવસાર



કૃતિ નીતિનભાઈ શાહ



સંદીપકુમાર એન. વીરવાડીયા



સંજય એસ. શાહ



સ્વીટી સંદીપકુમાર વીરવાડીયા



વિધીબેન ભોજક



એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત અંડર-૧૪ વૉલીબોલ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ દ્વિતીય નંબર મેળવીને જિલ્લાકક્ષાએ પંસદગી પામીને શાળાનું ગૌરવ વધાર્યુ છે. વ્યાયામ શિક્ષક પટેલ ચંદ્રેશભાઈ તેમજ શાળાના આચાર્ય મિલી મેડમે વિજેતા ખેલાડીઓને અભિનંદન આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

### સિસિકાની માસિક સભા ગુરૂવારે યોજાશે

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની ઓગષ્ટ-૨૦૧૭ની માસિક સભા આગામી તા. ૩૧ ઓગષ્ટને ગુરૂવારના રોજ સાંજે ૫ વાગે યોજાશે. આ સભામાં હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા ઉપસ્થિત રહેશે અને હાસ્યથી સર્વે સભ્યોનું મનોરંજન કરશે. હાસ્ય કલાકારોને માણવા સર્વે સભ્યોને સભામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ માસમાં જે સભ્યોના જન્મદિન આવે છે તે સર્વેને પણ સભામાં ઉપસ્થિત રહેવા ખાસ સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

# ટેન્શન અને હતાશા દૂર કરવા IAS ઓફિસરોને 'ઈમોશનલ મેનેજમેન્ટ'ની તાલીમ આપવી પડે

બ્યુરોકેસીમાં આવતા ઓફિસરો આત્મહત્યા કરે તે અજીબ લાગે છે. ટેન્શન તો પ્રત્યેક વ્યક્તિના જીવન સાથે વણાઈ ચૂકેલી ચીજ છે. માત્ર ૩૫ વર્ષની વયના આઈએએસ ઓફિસર ડી.કે.રવિએ ૨૦૧૫માં બેંગલુરૂમાં તેમના નિવાસસ્થાને આત્મહત્યા કરી લીધી હતી.

**૧૧ રાજ્યોની ચૂંટણી કોંગ્રેસ માટે સૌથી મોટો પડકાર, ભાજપ માટે લિટમસ ટેસ્ટ છે**

એ પહેલાં ૨૦૦૯માં ૨૯ વર્ષના મુકેશ પાંડે એ પણ આપઘાત કર્યો હતો. તેમણે ફેમિલીના કારણે આવું પગલું ભર્યું હતું. ઉત્તરપ્રદેશના હરમિન્દર રાજસિંહ નામના ૫૬ વર્ષના ઓફિસરે જીવન ટુંકાવ્યું હતું. ઓરિસ્સા કેડરના જગદનંદા પાન્ડાએ પણ આત્મહત્યા કરી હતી. ૨૦૧૦માં ૩૩ વર્ષના જે. રાજામુરૂગને પણ આવું ખરાબ પગલું ભર્યું હતું. જોબ કે પરિવારના પ્રેશરના કારણે મોટાભાગની આત્મહત્યાઓ થઈ છે આઈએએસ મેન્યુઅલ અને ટ્રેઈનિંગમાં ઈમોશનલ ફિલિંગ્સના પાઠ શિખવવામાં આવે છે કે કેમ તે એક મોટો સવાલ છે. આઈએએસ ટ્રેઈનિંગ સ્કૂલોની આ મોટી ખામી હોઈ શકે છે. નવા આઈએએસ ઓફિસરોને પોલિટીકલ પ્રેશર સહિત પારિવારિક જીવનના પાઠ ભણાવી તેમનું મનોબળ મજબૂત કરવાની જરૂરિયાત છે તેવું ગુજરાત કેડરના એક આઈએએસ અધિકારીનું કહેવું છે.

**સરકારને ચેન નથી, પહેલાં રેવન્યુ હવે હેલ્થ...**

ગુજરાતમાં રેવન્યુ ડિપાર્ટમેન્ટને પૂરની આફતમાં દોડવું પડ્યું હતું તેમ હવે આરોગ્ય વિભાગ એલર્ટ પર છે. જુલાઈના અંત સમયમાં વરસેલા ભારે વરસાદ અને પૂરપ્રકોપના કારણે મહેસૂલના અધિકારીઓ તેમજ કર્મચારીઓની રજાઓ રદ થઈ હતી, જ્યારે સ્વાઈન ફ્લૂના કારણે આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓની રજાઓ રદ થઈ છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂનો કેર છે. હજી વરસાદ ચાલુ છે અને ભેજયુક્ત વાતાવરણના કારણે સ્વાઈન ફ્લૂ વકર્યો છે ત્યારે પૂનમચંદ પરમાર અને જ્યંતિ રવિ જેવા ઉચ્ચ અધિકારીઓને ચેન નથી. ગુજરાતમાં ૪૮૦૦ જેટલા કેસ નોંધાયા છે અને ૩૨૧ લોકોના મોત થયાં છે. રાજ્યમાં સ્વાઈન ફ્લૂ સાથે ડેન્ગ્યુનો રોગ પણ વકરતો જાય છે ત્યારે ૧૫મી સપ્ટેમ્બર સુધી આરોગ્ય વિભાગને દોડતું રાખવાના આદેશ કરવામાં આવ્યા છે.

**KK જ નહીં, JN પણ દિલ્હી જાય તેવી શક્યતા...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પછી રાજ્યની બ્યુરોક્રેસીમાં ધરખમ ફેરફારો થઈ શકે છે. ગુજરાતમાં સરકાર કોઈપણ આવે, મહત્વના બે ઓફિસરો કે.કૈલાસનાથન અને જગદીપ નારાયણ સિંહ- જે,એન.સિંઘ નવી દિલ્હી જાય છે તે સ્પષ્ટ બાબત છે. આ બન્ને કાબિલ ઓફિસરોની મોદીને જરૂર છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી જીતવાની સ્ટેટેજી નક્કી કરવા આ બન્ને ઓફિસરોનો ઉપયોગ તેઓ કરી શકે છે. ગુજરાતના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘ અને મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે.કૈલાસનાથન વચ્ચે મનમેળ સારો છે. મિશન ગુજરાત પૂર્ણ થયા પછી બન્ને ઓફિસરોનું પોસ્ટીંગ નવી દિલ્હીમાં પીએમઓમાં થાય તેવી શક્યતા છે. ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભા તેમજ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કૈલાસનાથન એ નરેન્દ્ર મોદીના ખાસ પોલિટીકલ એડવાઈઝરના રોલમાં ઉપસી આવેલા છે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**અઢી વર્ષમાં ૧૧ રાજ્યો અને લોકસભાની ચૂંટણી...**

ભારતના રાજકારણમાં ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯એ ત્રણેય મહત્વના વર્ષો છે, કારણ કે આ વર્ષોમાં ચૂંટણીની ભરમાર છે. પાંચ રાજ્યોની ચૂંટણી પછી આ વર્ષના અંતમાં ગુજરાત અને હિમાચલપ્રદેશની ચૂંટણી છે. હવે પછી દેશના ૧૧ રાજ્યો અને લોકસભાની ચૂંટણી નક્કી થયેલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૦૧૯ની લોકસભાની વૈતરણી પાર કરવી હોય તો તેમણે ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવવો જરૂરી છે. આ હેતુ માટે મોદી ગુજરાતની ચૂંટણી જીતવા માટે એડી ચોટીનું જોર લગાવશે તેવું દેખાઈ રહ્યું છે. ૨૦૧૭માં હવે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાંચૂંટણી છે જયારે ૨૦૧૮માં નાગાલેન્ડ, કર્ણાટકા, મેઘાલય, ત્રિપુરા, મિઝોરમ, રાજસ્થાન, છતીસગઢ અને મધ્યપ્રદેશમાં ચૂંટણી આવે છે. આ બધી ચૂંટણીઓ પૂરી થશે ત્યારે લોકસભા ૨૦૧૯ની ચૂંટણી આવશે અને તેની સાથે સાથે મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી પણ આવી રહી છે.

**કેજરીવાલની જેમ કોંગ્રેસના નેતાઓએ પ્રચારમાં મોદીનું નામ લેવાની જરૂર નથી**

**ભલે સત્તા ન મળે, મજબૂત વિપક્ષ તો બનજો...**

ઉત્તરપ્રદેશની ચૂંટણીના અણધાર્યા પરિણામ પછી નરેન્દ્ર મોદીએ ગુજરાત મિશન-૧૫૦ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. મોદીના વેવ છતાં પંજાબ, ગોવા અને મણીપુરમાં કોંગ્રેસનો દેખાવ સાબિત કરે છે કે પાર્ટી પાસે સુપર-ડુપર લિડર હોવો જોઈએ. ભાજપમાં ૧ થી ૧૦૦માં મોદી છે પરંતુ કોંગ્રેસમાં આખા દેશને લોકપ્રિય એવો કોઈ રાષ્ટ્રીય નેતા નજરમાં આવતો નથી. ગુજરાતમાં મોદી અને ભાજપે વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ છ મહિના અગાઉ શરૂ કરી દીધી છે જ્યારે કોંગ્રેસ હજી તેના પ્રદેશ નેતાઓના ઝઘડા વચ્ચે અટવાયેલી છે. હજી મોડું થયું નથી, કોંગ્રેસે નવા યુવાનોની ભરતી કરીને પાર્ટીને એક નવો મોડ આપવાનો સમય આવી ગયો છે. મજબૂત શાસક પક્ષની સાથે મજબૂત વિરોધપક્ષ હોવો જરૂરી છે. સત્તા માટે નહીં તો મજબૂત વિરોધપક્ષ માટે કોંગ્રેસે પ્રયાસ કરવા જોઈએ.

**મહાગઠબંધન એકમાત્ર વિકલ્પ બચ્યો છે...**

નરેન્દ્ર મોદીના હોમટાઉન ગુજરાતમાં છવાઈ જવા તેઓ સંખ્યાબંધ જાહેરસભાઓ કરવા તૈયાર થયા છે, કારણ કે એકમાત્ર ગુજરાત જ એવું રાજ્ય છે કે મોદીને ૨૦૧૯માં દિલ્હીની ગાદી પર પુનરાવર્તન કરાવી શકે છે. દિલ્હીના એક રાજકીય વિશ્લેષક કહે છે કે- દેશની ભાજપ સિવાયની તમામ પાર્ટીઓ એક થઈને ચૂંટણી લડે તો આ મોરચો —મહાગઠબંધન- ભાજપ અને મોદીને મ્હાત આપી શકે છે. જો કે પાર્ટીઓ વચ્ચે નેતાઓના મતમતાંતરો છે. આ સંઘમાં જોડાયેલા તમામ વિપક્ષો એકજૂથ થઈ શકે તેવી તેમની વિચારધારા નથી. ભૂતકાળમાં ઈન્દિરા ગાંધીની સામે જનતા મોરચો ખુલ્યો હતો પરંતુ એ મોરચામાં જે વિચારધારા ધરાવતા નેતાઓ હતા તેવા નેતાઓ આજે શોધ્યા મળતા નથી. બિહારના લાલુપ્રસાદ, પશ્ચિમ બંગાળના મમતા દીદી અને ઉત્તરપ્રદેશના અખિલેશને મોદીની ચિંતા છે તેથી તેઓ ભેગા થયા છે પરંતુ તામિલનાડુ અને કેરાલાને કશી પડી નથી. બાકીની પાર્ટીઓ એકમંચ પર આવતી નથી. માયાવતી દહીં અને દૂધ બન્નેમાં પગ રાખી રહ્યાં છે. આ સંઘ કાશીએ પહોંચે તેમ લાગતું નથી.

**આ ક્યાં જનતા મોરચો છે?, બાર સાંધે ત્યાં તેર તૂટે છે, વિપક્ષો એક થવાના નથી**

**બીજાની લીટી નાની નહીં કરો, પોતાની મોટી કરો...**

કોંગ્રસ જ્યાં સુધી વિકાસના કામોનો પ્લાન નહીં બનાવે ત્યાં સુધી ગજ વાગવાનો નથી. માત્ર નરેન્દ્ર મોદી અને પાંચ ઉદ્યોગપતિઓની સરકાર, ભાજપની સરકારના ઉત્સવોના તાયફા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, ખેડૂતોના પ્રશ્નો, દલિતો પરના અત્યાચાર, ભ્રષ્ટાચાર અને પાટીદાર અનામત આંદોલન જેવા ગતકડાં લઈને ચૂંટણી જીતી શકાશે નહીં. ગુજરાતમાં પાંચ વર્ષ માટે કોંગ્રેસ શું કરવા માગે છે. ગુજરાતમાં કોંગ્રેસની સત્તા આવશે તો અમે યુવાનો અને મહિલાઓ માટે નવી યોજનાઓ લાવીશું. ખેડૂતો અને વિવિધ સમાજ માટે અમારા આવા પ્લાન છે. આવી તમામ ઝીણી ઝીણી બાબતોને ધ્યાને લઈને કોંગ્રેસે ચૂંટણીના મેદાનમાં આવવું પડશે. બીજાને ગાળો આપીને કોંગ્રેસ તેનું ખુદનું અહિત કરી રહી છે. લોકો બહુ હોંશીયાર છે. એક કહેવત છે કે બીજાની લીટી નાની કરવા કરતાં પોતાની લીટી મોટી કરવામાં આવે તો ચોક્કસ સફળતા મળે છે.